# ભાજપમાં ભડકો : જશવંતસિંહનો બળવો

## ભાજપમાં હાલમાં બે જૂથ હોવાનો દાવો : અસલ ભાજપ અને બનાવટી ભાજપ વચ્ચે જંગ થશે

નવી દિલ્હી,તા. ૨૨

રાજસ્થાનના બાડમેરમાંથી ટિકિટ નહીં મળવાથી લાલઘૂમ થયેલા ભાજપના વરિષ્ઠ નેતા જશવંતસિંહે આજે કહ્યું હતું કે, બાડમેર બેઠકના મામલે તેઓ કોઈ બાંધછોડ કરવામાં માંગતા નથી. ભાજપ ઉપર હાલમાં બનાવટી લોકોનો કબજો થઈ ચુક્યો છે. આજે વધુ કઠોર વલણ અપનાવીને જશવંતસિંહે કહ્યું હતું કે, તેઓ કોઈ બાંધછોડ કરવાના મુડમાં દેખાઈ રહ્યા નથી. જશવંતસિંહે હાલમાં તમામ વિકલ્પો ખુલ્લા રાખ્યા છે જેમાં અપક્ષ ઉમેદવાર તરીકે લડવાના વિકલ્પનો પણ સમાવેશ થાય છે. જશવંતસિંહ પોતાના આગામી પગલાની જાહેરાત આવતીકાલે અથવા તો ૨૪મી માર્ચના દિવસે કરી શકે છે. તેઓ ભાજપ સાથે છેડો ફાડવા સુધીના પગલા લેવા પણ વિચારણા કરી રહ્યા છે. ટિકિટ ફાળવણીને લઈને નાખુશ જશવંતસિંહે કહ્યું છે કે, તેઓ આવતીકાલ સુધી કોઈ નિર્ણય લઈ શકે છે અને ભાજપ સાથે છેડો ફાડી શકે છે. સિંહે આજે બાડમેર રવાના થતાં પહેલા કહ્યું હતું કે, હાલમાં અસલી પડકાર ભાજપ અને નકલી ભાજપ વચ્ચે છે. જે અંગેનો ફેંસલો તેઓ નહીં પરંતુ દેશના લોકો કરશે. તેમણે એમપણ કહ્યું હતું કે, તેઓ હંમેશા અસલી ભાજપ માટે ઉભા રહ્યાછે. પાર્ટી સાથે છેડો ફાડીને જશવંતસિંહ અપક્ષ ઉમેદવાર તરીકે મેદાનમાં ઉતરી શકે છે. ૨૪મી માર્ચના દિવસે બાડમેરમાં આગામી પગલાની જાહેરાત કરવામાં આવશે. અગાઉની વાજપેયી સરકારમાં વિદેશ અને નાણાંમંત્રી રહી ચુકેલા જશવંતસિંહ હાલમાં પશ્ચિમ બંગાળના દાર્જીલિંગ માટે લોકસભાના સભ્ય છે. તેઓ આ ચૂંટણીમાં છેલ્લી ચૂંટણી તરીકે ઉતરવા માંગે છે. જશવંતસિંહે પાર્ટી સમક્ષ પોતાની ઈચ્છા વ્યક્ત કરી હતી પરંતુ પાર્ટીએ જશવંતસિંહને ટિકિટ આપવાના બદલે કોંગ્રેસમાંથી ભાજપમાં સામેલ થયેલા કર્નલ સોનારામને ટિકિટ આપી છે. એમ માનવામાં આવે છે કે, કર્નલ સોનારામ રાજસ્થાનના મુખ્યમંત્રી વસુંધરા રાજની પસંદગીના ઉમેદવાર છે. ભાજપના પ્રમુખ રાજનાથસિંહે આ વિવાદને વધારે મહત્વ આપ્યા વગર કહ્યું છે કે, જશવંતસિંહ પાર્ટીના વરિષ્ઠ નેતા છે. તેમના સમ્માનની બાબતને માત્ર એક ટિકિટના આધાર તરીકે ગણી શકાય નહીં. પક્ષના વરિષ્ઠ નેતા અરુણ જેટલીએ કહ્યું છે કે, તેમને ટિકિટ નહીં મળવાની બાબત દુખદ છે પરંતુ પાર્ટી સિંહની યોગ્યતાને અન્ય રીતે ચકાસશે. પક્ષની નેતાગીરી ઉપર આજે જશવંતસિંહે પ્રહાર કર્યા હતા. પક્ષે બે વખત તેમની સાથે આવું કર્યું છે. હવે કોઈ વૈકલ્પિક દરખાસ્તને સ્વીકારવામાં આવશે નહીં. ભૂતપૂર્વ કેન્દ્રીયપ્રધાને કહ્યું હતું કે, ભાજપ હવે બે જૂથમાં વિભાજિત છે જે પૈકી એક વાસ્તવિક અને અન્ય અવાસ્તવિક છે. કમનસીબરીતે બનાવટી લોકોએ પક્ષ ઉપર કબજો જમાવ્યો છે. જશવંતસિંહે આજે કહ્યું હતું કે, બાડમેર પહોંચ્યા બાદ સમર્થકો સાથે વાતચીત કરશે. ત્યારબાદ અંતિમ નિર્ણય કરશે.



હરિયાણામાં કેજરીવાલના રોડ શોની શરૂઆત

## વિકાસના નામે મોદી લોકોને ગેરમાર્ગે દોરે છે : કેજરીવાલ

ફરિદાબાદ,તા. ૨૨

હરિયાણામાં બે દિવસના રોડ શોની શરૂઆત કરતા એએપીના નેતા અરવિંદ કેજરીવાલે આજે કોંગ્રેસ અને ભાજપ ઉપર આકરા પ્રહારો કર્યા હતા અને કહ્યું હતું કે, જો બંને પાર્ટી પૈકી કોઈપણ પાર્ટી સત્તામાં આવશે તો ગેસની કિંમતો અનેકગણી વધી જશે. આજે સવારે તેમના પ્રવાસની શરૂઆત કર્યા બાદ કેટલાક સ્થાનિક નિવાસીઓએ એએપીના નેતાને કાળા ધ્વજ દર્શાવ્યા હતા અને તેમનો વિરોધ કર્યો હતો. કેજરીવાલે કહ્યુ હતું કે, પહેલી એપ્રિલથી ગેસની કિંમત વધારવાની કેન્દ્રને મંજુરી આપવી જોઈએ નહીં. કેટલાક મિડિયા અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, ચૂંટણી પંચે તેમની ફરિયાદની નોંધ લીધી છે. આના માટે તેઓ આભારી છે. એએપીના નેતાએ કહ્યું હતું કે, પહેલી એપ્રિલથી કુદરતી ગેસની કિંમતમાં વધારો કરવાનો કેન્દ્ર સરકારે નિર્ણય કર્યો છે. આ નિર્ણય ચારાસંહિતાના ભંગ સમાન છે. આ સંદર્ભ ચૂંટણી પંચને જાણ પણ કરવામાં આવી હતી. કેજરીવાલે આજે ભાજપ અને કોંગ્રેસ બંને ઉપર આકરા પ્રહાર કર્યા હતા. તેમણે કહ્યું હતું કે, લોકસભાની ચૂંટણી માટે કોને મત આપશે તે અંગે લોકોએ નિર્ણય કરવો જોઈએ. જો યુપીએ અથવા ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર મોદી સત્તા ઉપર આવશે તો ગેસની કિંમત વધી જશે. આનાથી મુકેશ અંબાણીને ફાયદો થશે. સત્તા ઉપર આવવાથી મોદી અને કોંગ્રેસને રોકવાના પ્રયાસ થવા જોઈએ. કેજરીવાલે દાવો કર્યો હતો કે, ગુજરાતમાં કોઈપણ વિકાસ નથી. વિકાસને નિહાળવા માટે તેઓ ગુજરાત ગયા હતા. વિકાસના નામે મોદી લોકોને ગેરમાર્ગે દોરી રહ્યા છે. કેજરીવાલ જુદા જુદા વિસ્તારમાંથી રોડ શો કરનાર છે. એએપીના નેતા યોગેન્દ્ર યાદવ ગુડગાવમાંથી ચૂંટણી લડી રહ્યા છે. આવતીકાલે બપોરે ત્યાં રોડ શોનું આયોજન કરાશે.

# મોદીના પ્રધાનો જેલમાં સમય ગાળી ચુક્યા છે : રાહુલ ગાંધી

લખનૌ,તા. ૨૨

ઉત્તરપ્રદેશના પ્રતાપગઢમાં કોંગ્રેસના નાયબ અધ્યક્ષ રાહુલ ગાંધીએ આજે ચૂંટણી રેલીને સંબોધી હતી અને ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદી ઉપર સીધા



પ્રહારો કર્યા હતા. રાહુલે પ્રહારો કરતા કહ્યું હતું કે, ગુજરાતના ત્રણ મંત્રી અને ભાજપમાં વાપસી કરનાર યેદીયુરપ્પાનો ઉલ્લેખ કરતા રહ્યું હતું કે, ભાજપના નેતા ભ્રષ્ટાચારને લઈને બીજા ઉપર પ્રહાર કરે છે પરંતુ તેમની અંદર જ ભ્રષ્ટાચારની સ્થિતિ દેખાતી નથી. મોદી ઉપર પરોક્ષ પ્રહારો કરતા રાહુલે કહ્યું હતું કે, તેઓ યુપીમાં જઈને પ્રગતિની વાત કરે છે પરંતુ મહારાષ્ટ્રમાં તેઓ યુપી અને બિહારની પ્રજા ઉપર અત્યાચાર કરનાર અને તેમને ભગાડી દેનાર લોકો સાથે હાથ મિલાવે છે. રાહુલે ગુજરાતના વિકાસ દાવાઓ ઉપર પ્રશ્નો ઉઠાવ્યા હતા. તેમણે કહ્યું હતું કે, વિપક્ષના નેતાઓની વિચારધારા છે કે, દેશને એક નેતા ચલાવે છે. તેઓ કહે છે કે, ગુજરાતની રચના અમે કરી છે પરંતુ ગુજરાતની સ્થિતિ મજબૂત કરવામાં ત્યાના લોકોનો હાથ છે. રાહુલે ઉમેર્યું હતું કે, મોદી ભ્રષ્ટાચારની વાત કરે છે પરંતુ ગુજરાતમાં ત્રણ મંત્રી છે જે જેલમાં ટાઈમ પાસ કરી ચુક્યા છે અને તેમના કેબિનેટમાં સામેલ છે. તેમણે એમ પણ કહ્યું હતું કે, ભાજપને કર્ણાટકમાં યેદીયુરપ્પાનો ભ્રષ્ટાચાર દેખાતો નથી. તેઓ જેલમાં હતા અને હવે પાર્ટીમાં પાછા સામેલ થઈ ગયા છે. ભ્રષ્ટાચાર સામે સૌથી મોટુ પગલું કોંગ્રેસે ઉઠાવ્યું છે. આરટીઆઈ મારફતે નેતાઓ અને અધિકારીઓને સકંજામાં લેવામાં આવી રહ્યા છે. ઉત્તરપ્રદેશના વિકાસની વાત કરતા રાહુલે કહ્યું હતું કે, જે દિવસે યુપીમાં કોંગ્રેસની સરકાર આવશે તે દિવસથી જ મહારાષ્ટ્ર, પંજાબ, હરિયાણા જ નહીં બલ્કે અમેરિકા, ઈંગ્લેન્ડ જેવા દેશોના લોકો પણ રોજગાર માટે ઉત્તરપ્રદેશ આવશે.

### રાહુલ ગાંધી પીએમ પદ માટે બિલકુલ યોગ્ય છે

કેન્દ્રીય પ્રધાન શશી થરુરે વડાપ્રધાન પદ માટે રાહુલ ગાંધીને જોરદાર ટેકો આપતા કહ્યું હતું કે, કોંગ્રેસના ઉપપ્રમુખ ખુબ જ વિશ્વસનીય વ્યક્તિ છે. દેશને એક સારા નેતાની જરૂર છે. મોદી જેવા વિભાજિત પરિબળ સામે રાહુલ ગાંધી યોગ્ય વિકલ્પ છે. એક કાર્યક્રમમાં ભાગ લેતા શશી થરુરે કહ્યું હતું કે, રાહુલ ગાંધી દેશને આગળ વધારવા માટે સક્ષમ છે. કોંગ્રેસમાં કુશળ લોકોની લાંબી ટીમ છે. આનાથી રાહુલ ગાંધીને માર્ગદર્શન મળશે. થરુરે ઉમેર્યું હતું કે, પાયલોટ રહી ચુકેલા રાજીવ ગાંધીએ દેશનું નેતૃત્વ કર્યું હતું અને દેશ માટે ઘણા ઐતિહાસિક પગલા લીધા હતા. નરેન્દ્ર મોદીની વિશ્વસનીયતા દેખાતી નથી. રાહુલે યુવા કોંગ્રેસમાં નવા પ્રાણ ફુંકીને તેમની કુશળતા સાબિત કરી છે. લોકસભાની ચૂંટણી માટે ઉમેદવારોની પસંદગી કરવા ઘણી બેઠકો યોજી છે. શશી થરુરે એમ પણ કહ્યું હતું કે નરેન્દ્ર મોદી અને રાહુલ ગાંધી વચ્ચેની સ્પર્ધા એક એવી સ્પર્ધા છે જેવી એક અંધાધૂંધી સર્જનાર વ્યક્તિ અને એક કુશળ લોકશાહી વ્યક્તિ વચ્ચેની હોય છે. મોદી કરતા રાહુલ ગાંધી વિદ્યાર્થીઓ સાથે પણ સારી રીતે જોડાયેલા છે.

## ટ્વેન્ટી-૨૦ : ભારત અને વિન્ડીઝ વચ્ચે આજે જંગ

ઢાકા,તા. ૨૨

ટ્વેન્ટી-૨૦ વર્લ્ડકપમાં આવતીકાલે ભારત વેસ્ટ ઈન્ડિઝ સામે ઢાકામાં રમશે. તેના પરંપરાગત હરીફ પાકિસ્તાન ઉપર સાત વિકેટે જીત મેળવી લીધા બાદ ભારતીય ટીમ વેસ્ટ ઈન્ડિઝને કચડી નાખવાના ઈરાદાથી મેદાનમાં ઉતરશે. ભારતે મિરપુર ખાતે રમાયેલી મેચમાં પાકિસ્તાન ઉપર નવ બોલ ફેંકવાના બાકી હતા ત્યારે જ સરળતાથી જીત મેળવી લીધી હતી. ભારતીય ખેલાડીઓના ફોર્મને જોતા એવું લાગી રહ્યું છે કે વેસ્ટ ઈન્ડિઝ સામે પણ ભારતીય બેટ્સમેનો વધુ સારો દેખાવ કરશે. અલબત્ત ટ્વેન્ટી-૨૦ મેચના સ્પેશિયાલિસ્ટ બેટ્સમેન યુવરાજસિંહના ફોર્મને લઈને ચિંતા પ્રવર્તી રહી છે. ગઈકાલે પાકિસ્તાન સામે પણ તે ફ્લોપ રહ્યો હતો અને માત્ર એક રન બનાવીને બોલ્ડ થઈ ગયો હતો પરંતુ સારા સમાચાર એ છે કે સુરેશ રૈના ટીમમાં પરત ફર્યા બાદ શાનદાર ફોર્મ સાથે આવ્યો છે. ગઈકાલે જ તેને ૨૮ બોલમાં ચાર ચોગ્ગા અને એક છગ્ગા સાથે અણનમ ૩૫ રન ફટકાર્યા હતા અને પોતાની ટીમને જીત અપાવવામાં ચાવીરૂપ ભૂમિકા ભજવી હતી. વિન્ડીઝના ખેલાડીઓ એકદમ ફોર્મમાં દેખાઈ રહ્યા નથી. વિન્ડીઝની ટીમમાં પણ કેટલાક સ્ટાર ખેલાડીઓ છે જેમાં ૩૪ વર્ષીય ક્રિશ ગેઈલનો સમાવેશ થાય છે. વિશ્વના સૌથી ધરખમ ટ્વેન્ટી ખેલાડી પૈકીના એક તરીકે તેને ગણવામાં આવે છે. વિન્ડીઝ સામે માર્લોન સેમ્યુઅલ જેવો પણ એક કુશળ ખેલાડી છે. બ્રાવો શાનદાર ઓલરાઉન્ડર તરીકે ઊભરી ચૂક્યો છે જ્યારે ડેરેન સમ્મી પણ પરિસ્થિતિ મુજબ શાનદાર બેટીંગ કરવા માટે પણ જાણીતો રહ્યો છે. આ મેચનું પ્રસારણ ૭ વાગ્યાની સ્ટાર સ્પોર્ટ્સ પરથી કરવામાં આવશે.

***ભારતીય ટીમ :*** ધોની (કેપ્ટન), વરુણ આરોન, અશ્વિન, સ્ટુઅર્ટ બિન્ની, શિખર ધવન, રવિન્દ્ર જાડેજા, વિરાટ કોહલી, ભુવનેશ્વર કુમાર, અમિત મિશ્રા, મોહમ્મદ સામી, રહાણે, સુરેશ રૈના, મોહિત શર્મા, રોહિત શર્મા, યુવરાજસિંહ ***વેસ્ટ ઈન્ડિઝ ટીમ :*** ડેરેન સમ્મી (કેપ્ટન), સેમ્યુઅલ બેડરી, બ્રાવો, ચાર્લ્સ, કેટ્રોલ, ફ્લેચર, ગેલ, નારેન, રામદીન, રામપોલ, રસેલ, માર્લોન સેમ્યુઅલ, સનટોકી, સિમોન્સ, સ્મિથ

## અભિનેતા સંજય દત્ત ફરી યરવાડા જેલમાં

મુંબઈ,તા.૨૨

બોલીવુડ અભિનેતા સંજય દત્ત આજે ફરી યરવાડા જેલમાં સજા ગાળવાના હેતુસર પહોંચી ગયો હતો. તેને લંબાવવામાં આવેલા પેરોલની અવધિ પણ આજે પરિપૂર્ણ થઈ ગઈ હતી. સંજય દત્તને પેરોલની અવધિ



લંબાવવામાં આવતા ભારે વિરોધ થઈ રહ્યો હતો. ગયા વર્ષે ૨૧મી ડિસેમ્બરના દિવસે સંજય દત્ત પેરોલ ઉપર છુટી ગયો હતો. ત્યારબાદથી બે વખત પેરોલની અવધિ લંબાવવામાં આવી હતી. તેની પત્નિ માન્યતાની તબિયત સારી નહીં રહેવાના આધાર પર પેરોલ માંગવામાં આવ્યા હતા. ૧૨મી માર્ચ ૧૯૯૩ના દિવસે મુંબઈ બ્લાસ્ટ પહેલા એકે ૫૬ રાયફલ નાશ કરવા અને ગેરકાયદે હથિયારો રાખવા બદલ સંજય દત્તને પાંચ વર્ષની જેલની સજા ફટકારવામાં આવી હતી. ગયા વર્ષે મે મહિનામાં ટાડા કોર્ટ સમક્ષ સંજય દત્તે શરણાગતિ સ્વીકારી હતી. સુપ્રીમ કોર્ટે અગાઉ આર્મ્સ એક્ટ હેઠળ તેની સજા યથાવત રાખી હતી. સંજય દત્તને વારંવાર સજામાંથી રાહત આપવામાં આવતા ઘણા લોકોએ વાંધો ઉઠાવ્યો હતો. તેના ઘરની બહાર અને જેલની બહાર પણ સંજય દત્તને વિરોધનો સામનો કરવો પડ્યો હતો. પેરોલની વિનંતીને લઈને ભારે હોબાળો રહ્યો હતો.

## એએપીના આશુતોષની સંપત્તિ ૮ કરોડ રૂપિયા

નવી દિલ્હી,તા.૨૨

એએપીના ઉમેદવાર રાખી બિરલા અને આશુતોષે પણ ઉમેદવારી પત્ર દાખલ કરતી વેળા સંપત્તિની વિગત જારી કરી છે. જે પૈકી રાખી બિરલા પાસે ૧.૬ લાખ રૂપિયાની સંપત્તિ દર્શાવવામાં આવી છે જ્યારે આશુતોષ કરોડપતિ ઉમેદવાર છે. ઉત્તર પશ્ચિમ દિલ્હીના આમ આદમી પાર્ટીના ઉમેદવાર રાખી બિરલાની પાસે ૧.૬ લાખ રૂપિયાની સંપત્તિ દર્શાવવામાં આવી છે. અન્ય બે ઉમેદવાર આશુતોષ અને રાજમોહન ગાંધી પણ ક્રમશ ચાંદની ચોક અને પૂર્વીય દિલ્હીમાંથી ઉમેદવારી પત્ર દાખલ કરી ચૂક્યા છે. આશુતોષે આશરે ૮ કરોડ રૂપિયાની પોતાની સંપત્તિ જાહેર કરી છે જેમાં તેમની પત્નીની સંપત્તિનો પણ સમાવેશ થાય છે.

## મોદી ગુજરાત રમખાણો માટે જવાબદાર : પવાર

નવી દિલ્હી,તા. ૨૨

લોકસભાની ચૂંટણી માટેની તારીખો નજીક આવી રહી છે ત્યારે આક્ષેપ પ્રતિઆક્ષેપનો દોર વધુ તીવ્ર થઈ રહ્યો છે. હવે મહારાષ્ટ્રના બીડમાં એનસીપીના પ્રમુખ શરદ પવારે નરેન્દ્ર મોદી ઉપર આજે આકરા પ્રહારો કર્યા હતા. આજની રેલીમાં પવારે ગુજરાત રમખાણો માટે પરોક્ષ રીતે ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીને જવાબદાર ઠેરવ્યા હતા. પવારે અહીં સુધી કહ્યું હતું કે, જો મોદી દેશના વડાપ્રધાન બનશે તો દેશ માટે ખતરનાક સાબિત થશે. પવારે ઉમેર્યું હતું કે, મોદી ક્યારેય પણ રમખાણગ્રસ્ત લોકોની તકલીફને જાણવા પહોંચ્યા ન હતા જેથી તેમના ઉપર વિશ્વાસ કરી શકાય નહીં. પવારે કહ્યું હતું કે, મોદીએ સત્તાનો ઉપયોગ લોકોની ભાવનાઓને ભડકાવવા માટે કર્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, પવાર અનેક વખત મોદીની પ્રશંસા પણ કરી ચુક્યા છે. તેમની સાથે સારા સંબંધ હોવાની વાત કરી ચુક્યા છે. હવે મોદીની સામે પવારે આ પ્રકારનું નિવેદન કર્યું છે. અત્રે નોંધનીય છે કે, થોડાક દિવસ પહેલા જ પવારે મોદીની પ્રશંસા કરી હતી અને કહ્યું હતું કે, મોદી તેમના ખુબ સારા મિત્ર છે અને જો કોર્ટે મોદીને ક્લિનચીટ આપી દીધી છે તો ગુજરાત રમખાણો માટે તેમને જવાબદાર ગણી શકાય નહીં. પવારે હવે એકાએક ગુંલાટ મારીને મોદીને ફરીવાર ગુજરાત રમખાણ માટે જવાબદાર ઠેરવ્યા છે. ગુજરાત રમખાણોનો મુદ્દ ચૂંટણી પ્રચારમાં પણ ઉઠાવવામાં આવી રહ્યો છે. લોકસભાની ચૂંટણી નજીક આવી પહોંચી છે ત્યારે આગામી દિવસોમાં રમખાણોનો મુદ્દો ફરીવાર ચમકે તેવી શક્યતા દેખાઈ રહી છે. શરદ પવાર અને કોંગ્રેસના ઘણા નેતાઓ પણ આ મુદ્દો ઉઠાવી રહ્યા છે.

## શેરબજારમાં ખાસ ૯૦ મિનિટ સુધી કારોબાર સેંસેક્સ ૨૧૭૫૫ની સપાટી ઉપર

મુંબઈ,તા. ૨૨

શેરબજારમાં આજે ખાસ કારોબારી સત્રનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કારોબાર દરમિયાન રેન્જ આધારિત કારોબાર થયો હતો. ખાસ ૯૦ મિનિટના કારોબાર દરમિયાન સેંસેક્સમાં ૧.૫૭ પોઈન્ટનો સુધાર થયો હતો. વૈશ્વિક બજારો અંગે ઉદાસીનતાને લઈને શેરબજારમાં ઉદાસીન કારોબાર રહ્યો હતો.



સેંસેક્સમાં અગાઉના સેશનમાં ૧૪ પોઈન્ટનો સુધાર થયો હતો. આજે સેંસેક્સ ૨૧૭૫૫ની સપાટીએ રહ્યો હતો. નેશનલ સ્ટોક એક્સચેંજ નિફ્ટી ઈન્ડેક્ષમાં ૧.૭૦ પોઈન્ટનો સુધાર થયો હતો જેથી તેની સપાટી ૬૪૯૫ નોંધાઈ હતી. સવારે ૧૧.૧૫થી ૧૨.૪૫ વચ્ચે કારોબાર થયો હતો. નેશનલ સ્ટોક એક્સચેંજના તેના સોફ્ટવેરની ચકાસણી માટે આ કારોબાર થયો હતો.

મૂડીરોકાણકારો હાલમાં દિશાહિન થયેલા છે. બીએસઈ ૩૦ શેર પૈકી ૧૫માં તેજી અને ૧૫માં મંદી રહી હતી. કેટલાક શેરમાં તેજી રહી હતી જેમાં ડો. રેડ્ડી લેબ, સિપ્લા, સન ફાર્મા, રિલાયન્સ ઈન્ડસ્ટ્રી, મારુતિ સુઝુકીમાં સુધારો થયો હતો. હેલ્થકેર સેક્ટર ઈન્ડેક્ષમાં ૦.૬૬ ટકાનો સુધારો થયો હતો. કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ ઈન્ડેક્સ, ઓટો ઈન્ડેક્સ, ઓઈલ એન્ડ ગેસ ઈન્ડેક્સમાં ક્રમશઃ ૦.૩૯, ૦.૩૬ અને ૦.૨૬ ટકાનો ઉછાળો નોંધાયો હતો. આજે શેરબજારમાં ડિઝાસ્ટર રિકવર સાઈટ ચકાસવા માટે ખાસ સત્રનું આયોજન કરવામાં આવ્યું હતું.

શેરબજારમાં હાલ ઉદાસીન કારોબાર જોવા મળી રહ્યો છે. શેરબજારમાં ઉદાસીનતા માટે કેટલાક પરિબળ જવાબદાર છે. નિફ્ટી ૬૫૦૦થી નીચી સપાટીએ રહ્યો હતો. જાણકાર લોકો માને છે કે, શેરબજારમાં વિદેશી મૂડીરોકાણકારોનો વિશ્વાસ અકબંધ રહ્યો છે. કારણ કે, કેન્દ્રમાં એનડીએ સરકાર આવવાના સંકેત દેખાઈ રહ્યા છે. કારણ કે, ઓપિનિયન પોલ અને સર્વેમાં આવા જ તારણ આવી રહ્યા છે.

### પ્રસંગસર (પાના ન.૪નું ચાલું...)

જતીનદાસ શહીદ થયા.

ક્રાંતિકારીઓને વધુ તક નહીં આપવાના ઇરાદાથી એક 'વટહુકમ' થી 'ખાસ અદાલત'ની રચના કરી. અને અંગ્રેજ સરકાર તેની ચાલબાજીમાં સફળ થતાં ભગતસિંહ, સુખદેવ અને રાજગુરૂને તા.૭મી ઓક્ટો.૧૯૩૦માં ફાંસીની સજાનો ચુકાદો અપાયો અને સને ૧૯૩૧માં નક્કી થયા મુજબ, ૨૪મી માર્ચ, ૧૯૩૧ ના દિવસે ફાંસી આપવાનું નક્કી થયું. આ ત્રણેયને છોડાવવા સાથીઓની મદદ ચંદ્રશેખર આઝાદે એક યોજના બનાવી પરંતુ બોમ્બની કસોટી કરવા જતાં, અકસ્માત બોમ્બ ફૂટતાં, ભગવતીચરણ વ્હોરા માર્યા ગયા.

આ ત્રિપુટીને ૨૪મી માર્ચે, સવારે ૭.૩૦ વાગે ફાંસી આપવાની હતી, પરંતુ સમગ્ર દેશમાં વિદ્રોહને લીધે અંગ્રેજ સરકાર હચમચીને ડરી ગઇ અને ૨૩મી માર્ચ, ૧૯૩૧ના રોજ સમી સાંજે ત્રણેને ખોલીની બહાર કાંઢ્યા. ભગતસિંહ આખરી ઇચ્છા પૂછતાં : 'મારે બેબેના હાથનું ભોજન લેવું છે.' તેમ જણાવ્યું. જેલરે ભગતસિંહના ઘરે સંદેશો પહોંચાડવાનું કહેતા : 'બેબે જેલમાં છે' તેમ ભગતસિંહે કહેતાં, જેલરને નવાઇ લાગી, ફોડ પાડ્યો કે - મારી ખોલીનું ટોઇલેટ સાફ કરનાર 'બોધા' એ મારી બેબે - મારી મા છે.'

ભગતસિંહે પોતાનું છેલ્લુ ભોજન કોટડીનું ટોઇલેટ સાફ કરનાર સફાઇ કામદારના હાથે લેવાની ઇચ્છા દર્શાવી, પરંતુ 'બોધા' સાંજનું વાળું લઇ જાય તે પહેલાં જ ત્રણેને ફાંસીના માંચડે લટકાવી દીધા. માતા વિદ્યાદેવી અને કાકી વિગેરેને છેલ્લી મુલાકાત પણ ન આપવામાં આવી અને આમ મા-દીકરાના મિલનમાં ભવોભવનું છેટું પડી ગયું!

ભગતસિંહે 'અછૂતોં કા સવાલ' માં લખ્યું છે : 'અપને બચ્ચોંકા મૈલા સાફ કરને સે માતા અછૂત યા મહેતર તો નહીં હો જાતી ના?!' આ બાબતને તેઓએ ચરિતાર્થ પણ કરી બતાવી. ભગતસિંહનાં આ જાતિવિહીન સમાજ રચનાનાં ક્રાંતિકારી વિચારો અને સમાજ પરિવર્તનની આરઝૂ તો તેમના જેવા જાનફેસાની કરનાર આવા ક્રાતિકારી વીરમાં જ હોય!

શહીદ વીર ભગતસિંહે કહ્યું હતું : 'મને મારી શકશો, પરંતુ મારા વિચારોને નહીં! મારા શરીરને કચડી શકશો પરંતુ મારી હિંમત - ધૈર્યને કચડી શકશો નહીં.' તેમણે ૧૯૩૦ માં 'પોલિટીકલ પ્રીઝનર' શબ્દનો ઉપયોગ કર્યો. તેમના ચાર પુસ્તકો (૧) આત્મકથા (૨) ધી ડોર ટૂ ડેથ (૩) આઇડીઅલ ઓફ સોસિયાલીઝમ (૪) સ્વાધિનતા કી લડાઇ મેં પંજાબકા ઉભાર' લખ્યાં છે. આમ તે પ્રખર વિચારક અને લેખક હતા.

આ શહીદીના દિવસે, અંતિમવિધિ એક મોટા આંદોલનનું રૂપ લેશે, એવું વિચારીને અંગ્રેજોએ કાયરતાપૂર્ણ અમાનુષિતા બતાવી અને કોઇને પણ જાણ કર્યા વિના ત્રણે શહીદોનાં શબોને સતલજ નદીને કિનારે સરકારે જ સળગાવી દીધા અને રાખ સતલજમાં વહાવી દીધી...!

ત્રેવીસ વર્ષની ટૂંકી જિંદગીમાં તેમણે ઘણું બધું પ્રાપ્ત કરી, દુનિયાના તમામે તમામ યુવાનોને પ્રેરણા પ્રેરે તેવી અને ઇર્ષ્યા જન્મે તેવી અમર શહિદીને પ્રાપ્ત કરી.

આવા ઝાંબાઝ શહીદવીર, મા ભોમને માટે મરી ફિટનાર, ક્રાંતિવીર, આઝાદીના લડવૈયા અને માનવ સમાનતાના આગ્રહી, ત્યાગ અને પરિવર્તન વિચારસરણીના પ્રણેતા શહીદવીર ભગતસિંહ - ત્રિપુટીને સો... સો... સલામ...!

## તમિળનાડુની ૪૦ સીટ વિના મોદી પીએમ બની જશે : વૈકો

ચેન્નાઈ,તા.૨૨

દેશભરમાં મોદી લહેર હોવાની કબૂલાત કરતા એમડીએમકેના નેતા વૈકોએ આજે કહ્યું હતું કે, ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર અને ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી આગામી વડાપ્રધાન ચોક્કસપણે બનશે. તમિળનાડુની ૪૦ સીટ વગર પણ તેઓ વડાપ્રધાન બનશે. એમડીએમકેનો ચૂંટણી ઢંઢેરો જારી કર્યા બાદ પત્રકારો સાથે વાતચીત કરતા તેમણે કહ્યું હતું કે, દેશભરમાં



મોદી લહેર જોવા મળી રહી છે. વૈકોની પાર્ટી ભાજપના નેતૃત્વમાં ગઠબંધનના ભાગરુપે છે. તમિળનાડુ અને પોંડીચેરીની ૪૦ બેઠકોને ગણ્યા વગર પણ મોદી સત્તા ઉપર આવશે. તમિળનાડુમાં એમડીએમકે સાત બેઠકો પરથી ચૂંટણી લડનાર છે. અન્નાદ્રમુક કરતા અન્ય કોઈપણ પાર્ટીને લોકો મત આપશે નહીં તેવા એક ચૂંટણી રેલીમાં તમિળનાડુના મુખ્યમંત્રી જયલલિતાના નિવેદન અંગે પ્રતિક્રિયા કરતા તેમણે કહ્યું હતુંકે, એવી સ્થિતિ ઉભી થવી જોઈએ નહીં જ્યાં કેન્દ્રમાં આગામી સરકારની રચનામાં કોંગ્રેસની ભૂમિકા રહે. જયલલિતાને તેમનો મત આપવાનો અધિકાર છે પરંતુ અમે માનીએ છીએ કે, જો ભાજપ ગઠબંધન વગર અન્ય કોઈને પણ મત આપવામાં આવશે તો તે કામ લાગશે નહીં. અન્ય કોઈપણ પાર્ટી માત્ર સત્તા માટે કોંગ્રેસને બહારથી ટેકો આપી શકે છે. વૈકો વિરુદ્ધનગરથી ચૂંટણી મેદાનમાં છે. એમડીએમકેના નેતાના નિવેદનને ખુબ મહત્વપૂર્ણ ગણવામાં આવે છે.

### વન્યસૃષ્ટિ પરિચય (પાના નં.૪નું ચાલુ...)

દરિયાઇ ઘોડાને પાણીમાં જોઇએ તો એવું લાગે કે સ્થિર છે. આ માછલીનો એક પ્રકાર છે ડવાર્ફ સી હોર્સ. જે એક કલાકે તરીને ફક્ત ૫ ફૂટનું જ અંતર કાપે છે. ત્યારે સેઇલ ફીશ પ્રકારની માછલીઓ તરવામાં ખુબ જ ઝડપી હોય છે. હાઇવે પર ઝડપથી દોડતી કારોની માફક તેને પાણીમાં ઝડપની તરતી જોઇ શકાય છે.

ગોલ્ડ ફીશ સુવર્ણ - સોન માછલી પોતાની આંખો બંધ કરી શકતી નથી. કારણ કે તેની આંખોને પાંપણો હોતી જ નથી. ફક્ત શાર્ક માછલીને આંખોને પાંપણ હોય છે. માછલીઓ જે રીતે રંગીન વૈવિધ્ય ધરાવતી હોય છે. તે જ રીતે તે રંગોનું વૈવિધ્ય જોઇ શકે છે. આપણે માનવીઓ ન જોઇ શકે તેવા પોલરાઇઝ (ધ્રુવીભૂત) અને પારજાંબલી પ્રકાશને માછલીઓ જોઇ શકે છે. ગોલ્ડ ફીશ ઇન્ફ્રારેડ રેડીએશન (અધોરક્ત વિકિરણો) જોઇ શકવાની ક્ષમતા ધરાવે છે.

આપણે માનવીઓ ત્રિ-પરિમાણીય (3D) દૃષ્ટિ શક્તિ ધરાવીએ છીએ. કારણ કે આપણી આંખો માથાની એક જ તરફ - આગળની બાજુએ છે તેથી આગળ-પાછળ-ઉપર નીચેનો અંતર ભેદ આપણે જોઇ શકીએ છીએ. જ્યારે માછલીઓની આંખો માથાની બે જુદી-જુદી બાજુએ હોઇ તે ત્રિ-પરિમાણીય દૃશ્ય જોઇ શકતી નથી. તેની બાયનોક્યુલર (દૂરબીન) દૃશ્ય શક્તિ પણ હોતી નથી. આમ, તો તેને આવી જરૂરીયાત પણ હોતી નથી.

અંતે, વિશ્વની બધી શાર્કો મળીને વર્ષે ફક્ત ૧૨ માણસોના આકસ્મિક ભેટમાં આવતા મારી નાંખે છે. જ્યારે આપણે માનવો સામેથી ઇચ્છાપૂર્વક આપણાં સ્વાર્થ ખાતર ફક્ત એક જ કલાકમાં ૧૧,૪૧૭ (હા, અગ્યાર હજાર ચારસો સત્તર) જેટલી શાર્કોની હત્યા કરીએ છીએ.